Happy New Year 2017 Welcome

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૧ | ૧ જાન્યુઆરી, ૨૦૧૭, રવિવાર ; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નવા વર્ષે શ્રેણીબદ્ધ રાહતોની ભેટ



**પ્રધાનમંત્રીએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંબોધનમાં અનેક જાહેરાતો કરી : ગરીબો માટે સસ્તા આવાસ લોન : વરિષ્ઠ નાગરિકોને ૭.૫ લાખની રકમ પર૧૦ વર્ષ માટે ૮ ટકા વ્યાજ : ગર્ભવતી મહિલાઓ માટે ૭ હજાર રૂપિયાની મદદ : રકમ બેંક ખાતામાં : નાના કારોબારીઓની ક્રેડિટ ગેરેન્ટી વધારીને બે કરોડ કરવાની અને ગ્રામીણ ક્ષેત્રમાં આવાસ સમારકામ માટે બે લાખની લોન પર વ્યાજમાં ૩ ટકા રાહત**

નવી દિલ્હી, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર રાષ્ટ્રને નામ સંબોધન કરતા દેશવાસીઓ માટે નવા વર્ષમાં શ્રેણીબદ્ધ ભેટની જાહેરાત કરી હતી. મોદીએ ગરીબ લોકો માટે સસ્તી આવાસ લોન, ખેડૂતો અને નાના કારોબારીઓ માટે પણ રાહતની જાહેરાત કરી હતી. આઠમી નવેમ્બરના દિવસે મોદીએ દેશને સંબોધન કરતા અતિ કઠોર નિર્ણય લઈને રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. ત્યારબાદથી છેલ્લા ૫૦ દિવસથી સામાન્ય લોકો રોકડ રકમને લઈને પરેશાન હતા. બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો જોવા મળી રહી હતી પરંતુ આજે મોદીએ રાષ્ટ્રના નામ સંબોધનમાં

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં એકસાથે ચૂંટણી યોજવા માટે પ્રધાનમંત્રીની તરફેણ

**ગંભીર ચર્ચા માટે તમામ પક્ષોને અપીલ**

નવી દિલ્હી, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શ્રેણીબદ્ધ રાહતોની સાથે સાથે દેશમાં એક સાથે ચૂંટણી યોજવાની તરફેણ કરી હતી. આના માટે મોદીએ ચૂંટણી સુધારાની દિશામાં આગળ વધવાનો સંકેત આપ્યો હતો. મોદીએ વધતા જતા ખર્ચને રોકવા માટે દેશભરમાં એક સાથે જ લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજવા ગંભીરતાપૂર્વક વિચારણા કરવા તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી.

# સપામાં 'ઘીના ઠામમાં ઘી' : અખિલેશની ઘરવાપસી

**અખિલેશની જુદી જુદી શરતો ઉપર મુલાયમસિંહ ઝુકી ગયા : અખિલેશ અને રામગોપાલને પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્ણય તાત્કાલિક અમલ સાથે રદ : સપા સંગઠિત હોવાનો શિવપાલ યાદવ દ્વારા દાવો**

લખનૌ, તા.૩૧

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીમાં જારી ઘમસાણમાં નાટકીય વળાંક આવી ગયો છે અને નાટ્યાત્મક ઘટનાક્રમ અને ડ્રામાબાજીનો દોર પૂર્ણ થયો છે કારણ કે પાર્ટીમાંથી મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને રામગોપાલ યાદવની હકાલપટ્ટીના નિર્ણયને રદ કરી દેવામાં આવ્યો છે. આ બંનેને પાર્ટીમાં ફરી સામેલ કરી દેવામાં આવ્યા છે. પાર્ટીમાં ઉત્તરપ્રદેશના વડા શિવપાલ યાદવે કહ્યું હતું કે અખિલેશ યાદવ અને રામગોપાલને પાર્ટીમાં ફરી સામેલ કરી દેવામાં આવ્યા છે. ગઈકાલે જ મુલાયમે છ વર્ષ માટે પાર્ટીમાંથી આ બંનેની હકાલપટ્ટી કરી દીધી હતી. શિવપાલ યાદવે કહ્યું હતું કે નેતાજીના આદેશ અનુસાર અખિલેશ યાદવ અને રામગોપાલ યાદવની પાર્ટીમાંથી હકાલપટ્ટીનો નિર્ણય તાત્કાલિક અમલ સાથે રદ કરવામાં આવી રહ્યો છે. શિવપાલે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી બિલકુલ સંગઠિત થઈ ગઈ છે. સંપૂર્ણ તાકત સાથે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી લડવામાં આવશે. શિવપાલે કહ્યું રામગોપાલે બોલાવેલી તાકીદની ઈમરજન્સી મિટીંગ રદ કરી દેવાઈ છે. હવે ઉત્તરપ્રદેશમાં આગામી ચૂંટણી માટે ઉમેદવારની યાદી નક્કી કરવા માટે અખિલેશ અને મુલાયમ સાથે બેસશે.

● અનુસંધાન પાન-૭ પર

**ગેરન્ટેડ ગિફ્ટ કુપન**

અહીંથી કાપો




**ઢીંચણ કે કમરનો દુ:ખાવો તથા ચીકનગુનીયાનો સંપૂર્ણ કુદરતી ઉપચાર**

**હીરાબા ચુરણ ગોળી**

હીરાબા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ

હોમ ડીલીવરી આપવામાં આવશે

પ્રદીપભાઈ જોષી

M:7801892707

**શેર માર્કેટ ઓફિસ સ્ટાફ**

ઈન્ફોસીટી ● સે.૨૧ ● ચાંદખેડા

શેર ટર્મીનલ ઓપરેટર - ૪

કોમ્પ્યુટર ઓપરેટર - ૮

7500/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ

Send your CV to

Watsapp : 9974703401

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

WORLD of TITAN | TITAN eyeplus

**JOB VACANCY**

| | | |
|---|---|---|
| 1. | STORE MANAGER | 1 |
| 2. | CUSTOMER RELATIONSHIP OFFICER (MIN. GRADUATE) | 4 |
| 3. | ACCOUNTANT | 1 |
| 4. | EYE CONSULTANT | 1 |
| 5. | OPTOMETRIST (1-5 YEARS EXPERIENCE) | 1 |
| 6. | HOUSE KEEPER | 1 |

Address: Shop No. 6, Radhe Square Complex, Reliance Crossing, Kudasan, Gandhinagar – 382421

For More Details Contact: +91 96622 38844

